યુ. એન. મહેતા ઇન્સ્ટીટ્યુટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર
અમદાવાદ



HEART DISEASES RISK FECTORS PREVENTIONS

# હૃદયરોગના જોખમી પરિબળો

**હૃદયરોગ અને લકવો વિશ્વના સૌથી મોટા જીવલેણ રોગ છે, પરંતુ તેને નિવારી પણ શકાય છે.**



- વિશ્વમાં આશરે ૧૭૫ લાખ લોકો હૃદયરોગને લીધે ૨૦૦૮માં મૃત્યુ પામેલ છે.
  - શહેરમાં હૃદયરોગનું પ્રમાણ ૭-૧૦ % છે.
  - ગામડામાં હૃદયરોગનું પ્રમાણ ૩-૫ % છે.
  - હૃદયરોગ ને લીધે થતા મૃત્યુઓનાં ૫૦ % થી વધુ ૭૦ વર્ષથી નાની વયના હોય છે.
- હૃદયરોગ વધવાના કારણો
  (૧) વસ્તીનો વધારો
  (૨) વધારે લાંબુ આયુષ્ય
  (૩) જીવનશૈલીમાં બદલાવ
- ભારત દેશમાં લોકોને હૃદયરોગનો હુમલો પશ્ચિમના દેશોના લોકો કરતાં ૫ થી ૧૦ વર્ષ પહેલા આવે છે. દા.ત. પશ્ચિમના દેશોમાં હૃદયરોગ ૪૫ વર્ષ પછી જોવા મળે છે જ્યારે ભારતમાં ૩૫ થી ૪૦ વર્ષની ઉંમરે જોવા મળે છે. જે ચિંતાજનક છે.
- પુરૂષોમાં હૃદયરોગ સ્ત્રીઓ કરતાં ૫ થી ૬ વર્ષ વહેલો આવે છે.

## હૃદયરોગના કાબુમાં રાખી ન શકાય તેવા પરિબળો

- **આનુવાંશીક :** કુટુંબમાં જો કોઈ ૫૫ વર્ષથી ઓછી વયના પુરુષ અથવા ૬૫ વર્ષથી ઓછી વયની સ્ત્રીને હૃદયરોગ થયેલો હોય તો તેના કુટુંબીજનોને હૃદયરોગનું જોખમ વધે છે.



- **ઉંમર** : ૪૫ વર્ષ થી વધારે વયના પુરુષ અને ૫૫ વર્ષ થી વધારે વયની સ્ત્રીને હૃદયરોગનું જોખમ વધારે હોય છે.
- **જાતિ** : સામાન્ય રીતે સ્ત્રીઓમાં પુરૂષ કરતા ૧૦ વર્ષ પછી હૃદયરોગ જોવા મળે છે. પરંતુ આ તફાવત ભારત દેશમાં ઘટી ને ૫-૬ વર્ષ છે.
- પોસ્ટ મેનોપોઝલ સ્ત્રીને હૃદયરોગનું જોખમ વધારે હોય છે.
- ગર્ભ નિરોધક ગોળી થી લોહી જાડું થવાની શક્યતા વધે છે. જે હૃદયરોગનું જોખમ વધારે છે.



## હૃદયરોગના કાબુમાં રાખી શકાય તેવા પરિબળો

- ડાયાબિટીસ
- હાઇબ્લડ પ્રેશર
- કોલેસ્ટેરોલ
- બીડી /તમાકુ / સીગારેટ / દારૂનું સેવન
- ટાઇપ-એ પર્સનાલીટી અને માનસિક તણાવ
- સ્થૂળતા
- વધુ માત્રામાં ચરબીવાળો ખોરાક જેમ કે ભજીયા, સમોસા, બર્ગર, પીઝા, સેવ, સીંગ ભુજીયા
- ખોરાકમાં ફળફળાદી અને લીલાં શાકભાજીનો અભાવ
- નિયમિત કસરતનો અભાવ
- લોહી જાડુ થવાની પ્રકૃત્તિ
- ઓછુ ભણતર જેને લીધે રોગની સમયસરની સારવારનો અભાવ

ઉપર જણાવેલ પરિબળોમાં બે કરતાં વધારે પરિબળો હોય તો હૃદયરોગના હુમલાની શક્યતા ખુબજ વધી જાય છે.




TOBA




100mg/






# હૃદયરોગ અને લકવો એ વિશ્વના સૌથી મોટા જીવલેણ રોગ છે પરંતુ તેને નિવારી પણ શકાય છે.

Medicity Amdavad | NABH | NABH | NABH | GRIHA | GOLD

**યુ. એન. મહેતા**

**ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર**

(બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ સાથે સંલગ્ન)

સિવિલ હોસ્પિટલ (મેડીસીટી કેમ્પસ), અસારવા, અમદાવાદ - ૩૮૦ ૦૧૬

www.unmicrc.org | f | Twitter | YouTube

Design : Photo-Graphic Dept. (UNMICRC) 03/2023